(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**(શરૂ–૦૪:૦૦ પુર્ણ–૦૪:૫૩)**
**રે.દિ.દાવા નં. :– ૧૧/૨૦૧૪**
**આંક:– ૯૨**
**(FILE- C)**

વાદી તરફે સાહેદ નં.૨ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– દિપકકુમાર પિતા/પતિનું નામ:– અમૃતલાલ કાલે

ઉ.વ.:– ૬૬

ધંધો:– નિવૃત સરનામુ:– વડોદરા

**સોગંદ આપ્યા.....**

**વાદીપક્ષે દિપકકુમાર અમૃતલાલ કાલેની સરતપાસ વિ.વ.શ્રી આર.જે.ઝાલા**

**(૧)** હું આજરોજ નામ.કોર્ટના સાહેદ સમન્સના આધારે સાક્ષી જુબાની આપવા આવેલ છુ. હું જાન્યુઆરી–૨૦૧૪થી જુન–૨૦૧૪ સુધી હળવદ કોર્ટમા રજીસ્ટ્રારના હોદા ઉપર ફરજ બજાવતો હતો અને હાલના કામે વાદી તરફે વાદગ્રસ્ત દાવાવાળી જમીનનુ સ્થળસ્થીતીનુ પંચનામુ કરવાની અરજી રજુ રાખેલ જે મંજુર થતા તેમા કોર્ટ કમીશ્નર તરીકે મારી નીમણુક થયેલી અને તે અંગેનુ કમીશનપત્ર મને મળતા મે આ કામે પક્ષકારોને નોટીસ કરેલી અને સ્થળસ્થીતી પર હાજર રહેવા પક્ષકારોને જાણ કરેલી. તા.૦૮/૦૬/૨૦૧૪નારોજ વેગડવાવ મુકામે વાદગ્રસ્ત દાવાવાળી જમીન કે જેને જુની હારી તરીકે ઓળખાતી અને ખાતા નં.૧૮૦વાળી જમીન ઉપર ગયેલા. ત્યાં સ્થાનીક જગ્યાએ ઘણા માણસો ભેગા હતા જેમાંથી બે વ્યકતીઓને પંચ તરીકે રહેવા માટે સમજ કરેલ. પંચોએ વાદ ગ્રસ્ત જગ્યાની ચતુર્દિશા બતાવેલ. ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ વાદ ગ્રસ્ત જગ્યાના પશ્ચીમ તથા ઉતર દક્ષીણ દિશાએ સેઢાઓ હતા પરંતુ પુર્વ બાજુએ કોઈ સેઢો કે હદ નીશાન ન હતા. વાદગ્રસ્ત જમીનમા કપાસનુ વાવેતર કરવામા આવેલ હતુ અને પંચોના લખાવ્યા મુજબ તે વાવેતર આશરે પંદરથી વીસ દિવસ પહેલાનુ હતુ. વાદગ્રસ્ત જમીનની પુર્વ બાજુએ પાણી જવાનો ધોરીયો ઉતર–દક્ષીણ બાજુ જાય તે રીતનો આવેલો હતો અને ધોરીયાથી પુર્વ બાજુએ પણ વાદગ્રસ્ત જમીનમા કપાસનુ વાવેતર કરવામા આવેલ હતુ. સદર પંચનામુ અમોએ કલાક ૧૦/૪૫ વાગ્યે શરૂ કરી કલાક ૧૨/૦૦ વાગ્યે પુર્ણ કરી અને હાજર રહેલા વાદી પ્રતિવાદી તથા બંને પંચોની સહીઓ પંચનામા નીચે લઈ તેમા અમારી કમીશ્નર તરીકે સહી કરી વાદગ્રસ્ત જગ્યાનો કાચો નકશો બનાવી તા.૦૯/૦૬/૨૦૧૪નારોજ નામ. કોર્ટમા રજુ કરેલ. મને આંક–૯ નો રીપોર્ટ બતાવવામા આવે છે જે મે સ્થાનીક જગ્યાનુ પંચનામુ અને નકશો કરેલ અને પક્ષકારોને નોટીસ આપેલ તેનુ બીડાણ કરીને પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, સીવીલ જજ, હળવદને તા.૦૯/૦૬/૧૪નારોજ આપેલ રીપર્ટમા મારી ડી.એ.કાલે તરીકેની કરેલી સહી તથા તેમા લખાયેલ અક્ષરો મારા પોતાના છે જે હું ઓળખી બતાવુ છુ તથા નીશાની ૯/૧નુ સ્થાનીક જગ્યાનુ અસલ પંચનામુ તથા તેની સાથે રજુ રાખેલ નકશો મે તા.૦૮/૦૬/૧૪નારોજ મે સ્થળસ્થીતી પર જઈને મારા પોતાના હસ્તાક્ષરમા પક્ષકારો તથા પંચોની હાજરીમા કરેલ જેમા પંચ નં.૧ તરીકે સોનગ્રા રાજેશ એ તથા પંચ નં.૨ તરીકે ઠાકરશી ડાયા તેમજ વાદી ચતુરભાઈ તેજાભાઈ તથા પ્રતીવાદી ઘનશ્યામ નાગરની સહીઓ મારી રૂબરૂમા કરવામા આવેલ છે જે હું ઓળખી બતાવુ છુ તથા મારી પોતાની સહીઓ તેમજ પંચનામુ તથા

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

નકશામા લખાયેલ હસ્તાક્ષરો મારા પોતાના છે જે હું ઓળખી બતાવુ છુ જે પંચનામુ આંક–૬૩ થી તથા નકશો આંક–૬૪થી રજુ છે.

**પ્રતીવાદી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વી.જી.રાવલ**

**(૧)** એ વાત ખરી છે કે જયારે સ્થાનીક પંચનામા માટે નીમણુક કરવામા આવતી હોય છે ત્યારે અમોને પંચનામા અંતર્ગતની અરજી આપવામા આવે છે જે બાદ અમો વાદી તથા પ્રતીવાદી પક્ષકારોને તે મુજબની નોટીસો આપતા હોઈએ છીએ અને નોટીસની બજવણી થયા બાદ જે–તે જગ્યાએ જતા હોઈએ છીએ. મને એ બાબત યાદ નથી કે હું મારા ઘરેથી કેટલા વાગ્યે નીકળેલો અને કેટલા વાગ્યે પહોંચેલો. મને હળવદથી વેગડવાવ કેટલા કીમી થાય તે હાલે યાદ નથી. હું મારી નોકરી સમય દરમ્યાન હળવદ અને આજુબાજુના ગામોની સ્થીતીથી વાકેફ ન હતો. એ વાત ખરી છે કે હું સ્થીતી પરીસ્થીતી થી વાકેફ ન હોય જેથી મને કહેવાતી વાદગ્રસ્ત જગ્યા પર વાદી લઈ જાય તો હું જઈ શકુ. એ વાત ખરી છે કે કહેવાતી વાદગ્રસ્ત જગ્યા કયા સર્વે નંબરની છે, કેટલા માપથી છે, તેવી કોઈ જ બાબત મે મારા પંચનામામા જણાવી નથી. એ વાત ખરી છે કે કહેવાતી જગ્યા કેટલા વીઘાની છે તે બાબતની મને કોઈ જ માહીતી ન હોય જેથી મે મારા પંચનામામા આવી કોઈ જ વિગત જણાવેલ નથી.

(૨) એ વાત ખરી છે કે જયારે કમીશ્નર તરીકે નીમણુક થાય ત્યારે વાદગ્રસ્ત જગ્યાનુ પંચનામુ સ્વતંત્ર પંચોની રૂબરૂમા કરવાનુ થતુ હોય છે. એ વાત ખરી છે કે સ્વતંત્ર પંચ એટલે કે વાદી કે પ્રતીવાદીના કોઈ પણ સગામા આવી શકે નહી. મે પંચ નં.ર ઠાકરશીભાઈ ડાયાભાઈ કણજરીયા એ વાદીના સગા છે તેવી કોઈ પ્રાથમીક તપાસ કરેલ નહી. કહેવાતી વાદગ્રસ્ત જગ્યા પર ઘણાબધા માણસો હતા તેમ છતા વાદી કે પ્રતીવાદીના જ્ઞાતીના માણસો પંચ તરીકે રાખેલ છે. એ વાત ખરી છે કે કહેવાતી ચતુર્દિશા ફકત પંચોના કહેવાથી જણાવેલ છે મે અંગત રીતે જાણેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતુ પંચનામુ સ્થાનીક જગ્યાની સ્થળસ્થીતીનુ હતુ એટલે તે જગ્યાનુ પંચનામા આંકલન કરવાનુ હતુ. એ વાત ખરી છે કે કહેવાતી જમીનમા પાણીનો ધોરીયો તથા બોર કોની જમીનમાંથી આવતો હતો તેની મને કોઈ અંગત જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે વાદીના પંચ નં.ર કૌટુંબીક ભાઈ થતા હોય તેમના કહેવા મુજબ ચતુર્દિશા જણાવેલ છે અને પ્રાથમીક બાબતો જણાવેલ છે જે અમોએ હાલના પંચનામામા લખેલ છે.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૦૯/૧૨/૨૫.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ